## જન્મદિને વધામણી



કિંજલબેન જીગરકુમાર લિમ્બાચીયા

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૨**
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

**સ્ક્રીન-૫**
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

# સિનિયર શિક્ષકને વિદાયમાન



સૅક્ટર-૨૧ ખાતે સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલનાં મદદનીશ શિક્ષિકા કુસુમબેન જોષીનો વિદાય સમારંભ ગુરુવારે યોજવામાં આવ્યો હતો. હાઈસ્કૂલ વિભાગમાં છેલ્લાં ૨૮ વર્ષથી સંસ્કૃત વિષય ભણાવતાં કુસુમબેન જોષીના વિદાય સમારોહની શરૂઆત પ્રાર્થના દ્વારા થઈ હતી. વિદ્યાર્થીઓએ બહુમુખી પ્રતિભા ધરાવતા પોતાનાં આદરણીય શિક્ષિકાના ગુણો પોતાના અનુભવોની યાદોથી અભિવ્યક્ત કર્યા હતા. ધોરણ-૯ અને ધોરણ-૧૦ તરફથી ગુરુદક્ષિણારૂપે વિદ્યાર્થીઓએ સ્નેહપ્રતિક કુસુમબેનને અર્પણ કર્યુ હતું. શાળા મૅનૅજમૅન્ટ તરફથી સિસ્ટર વૅરોનિકાએ શાલ ઓઢાડી તથા પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાએ પ્રશસ્તિ પત્ર આપી તેમનું બહુમાન કર્યું હતું.

# એસ જી સ્કૂલમાં રંગોળી સ્પર્ધા યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ધોરણ-૧થી ૪ અને પથી ૮ એમ બે વિભાગમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી. પહેલા વિભાગમાં પ્રથમ ક્રમે ધોરણ-૨ ઍફ, બીજા ક્રમે ધોરણ-૪ ઈ અને ત્રીજી ક્રમે ધોરણ-૧ ઈના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. બીજા વિભાગમાં ઓરેન્જ હાઉસ પ્રથમ ક્રમે, ગ્રીન હાઉસ દ્વિતિય ક્રમે અને બ્લ્યૂ હાઉસ તૃતિય ક્રમે વિજેતા નીવડ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# કોલવડા ગામની કે કે વિદ્યાલય ખાતે કોમ્યુનિટી હૉલનું ભૂમિપૂજન કરાયું





ગાંધીનગર, તા. ૬
શ્રી કોલવડા કેળવણી મંડળ સંચાલીત કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલય ખાતે ‘‘બા શ્રી માણેકબા મફતલાલ પટેલ કોમ્યુનિટી હોલ’’નું ભૂમિ પૂજનના ભવ્ય કાર્યક્રમ મુખ્ય દાતા લક્ષ્મણભાઈ ઈશ્વરભાઈ પટેલ (ટ્રસ્ટી આલ્ફા એન્જી. કોલેજ ખાત્રજ)ના વરદ હસ્તે શાળાના આચાર્યા ભાવનાબા એ. વાઘેલા તથા કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, પ્રમુખ, મંત્રી તથા કરોબારી સભ્યોના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

સમારોહના અધ્યક્ષ તરીકે બાબુલાલ એન. પટેલ (સરસ્વતી રાઈસ મિલ ભાડજ) તથા સમારોહના મુખ્ય મહેમાનો દિલીપભાઈ પટેલ (રાજા ઈન્ડસ્ટ્રીઝ), અશોકભાઈ પટેલ (ધારાસભ્યશ્રી ઉત્તર ગાંધીનગર), મનુભા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા (પૂર્વ ડે.સરપંચ તથા મુખ્ય દાતા, બા શ્રી ચંચળબા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિર કોલવડા), અતિથિ વિશેષ મહાનુભાવ એસ.એમ. બારડ (જિલ્લા શિક્ષણાધિકારી), સોનલબા વાઘેલા (પૂર્વ સરપંચ, કોલવડા), પ્રવિણસિંહજી ઈશ્વરસિંહજી વાઘેલા (શ્રોફ ગાંધીનગર), વિષ્ણુભાઈ કેશવલાલ પટેલ (દાતા, કે.કે. પટેલ વિદ્યાલય) તથા રમેશભાઈ પટેલ (સરપંચ, કોલવડા ગામ)ની ઉપસ્થિતિમાં સમારોહનુ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ શાળાની બાળાઓએ પ્રાર્થના દ્વારા કર્યો હતો. શાળાનાં આચાર્યા ભાવનાબા એ. વાઘેલાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ તથા દાનવીરો દ્વારા મળેલ દાન શિક્ષણક્ષેત્રે કામધેનુ બની કોલવડાના બાળકોના વિકાસ અને પ્રગતિમાં ખૂબ મહત્વનુ પૂરવાર થશે એમ જણાવી સૌના ઋણનો સંસ્થા વતી સ્વીકાર કર્યો હતો.

રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગરબા ડાન્સ, સ્વાગતગીત દ્વારા ભારતીય ભાતીગળ સંસ્કૃતિને વિદ્યાથીઓ તેમની કલા દ્વારા પ્રદર્શિત કરી હતી. મહેમાનો, દાતાઓ તથા અતિથિ વિશેષ સૌએ પ્રસંગને અનુરૂપ પ્રવચનમાં ‘શિક્ષણતંત્રનું દાન શ્રેષ્ઠ’ છે એમ જણાવ્યું હતું. કેળવણી મંડળ પરિવારે પણ દાતાઓ, મહેમાનો, અતિથિ વિશેષનો અંતઃકરણપૂર્ણ આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક નારાયણભાઈ પટેલ તથા સ્ટાફગણ દ્વારા આચાર્યાના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

# લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પ્રખરતા શોધ ઉત્સવનું પંચમ ચરણ સંપન્ન






## રાજકારણ, અંધશ્રધ્ધા વિષયે નાટક તથા ડાન્સ, કરાટે, તલવારબાજી, સમૂહગાન, ગિટારવાદન, યોગા જેવી કૃતિઓનું વિદ્યાર્થીઓ દ્વારા સુંદર પ્રદર્શન

ગાંધીનગર, તા. ૬
ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આયોજિત પ્રખરતા શોધ ઉત્સવના પાંચમા દિવસે ધોરણ-૭, ૮ અને ૯ના વિદ્યાર્થીઓએ વૈવિધ્યસભર અવનવી કૃતિઓ રજૂ કરી હતી, જેમાં ધોરણ-૭ના વિદ્યાર્થીઓ દ્વારા રાજકારણ વિષયે નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જે સરાહનીય રહી હતી.

ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ અંધશ્રધ્ધા વિષયક નાટક રજૂ કર્યુ હતું, જેના માધ્યમથી અંધશ્રદ્ધા એક સામાજિક દૂષણ છે, સ્ત્રી અત્યાચાર એ પાપ છે, નારીનું સન્માન કરવું જોઈએ એવી શીખ આપવામાં આવી હતી.

અન્ય બાળકોએ એકપાત્રીય અભિનય, ડાન્સ, યોગ, પિરામીડ, સ્ટન્ડ, તલવારબાજી, સમૂહગાન, રાસ, ગિટારવાદન જેવી આકર્ષક કૃતિઓ રજૂ કરી હતી વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું હતું. ઉપસ્થિત પ્રેક્ષકોએ કૃતિઓને ખૂબ વખાણી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ વિદ્યાર્થીઓએ જાતે જ કરીને પોતાની આંતરિક શક્તિઓને અભિવ્યક્ત કરી હતી.


# પી કે ચૌધરી કૉલેજ ખાતે ‘કૂક’ તાલીમ કોર્સ

ગાંધીનગર, તા. ૬
શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના હોમ સાયન્સ વિભાગ તથા ઈન્સ્ટીટ્યુટ ઑફ હૉટેલ મૅનૅજમૅન્ટ, અમદાવાદ દ્વારા ભારત સરકારના ‘હુન્નર સે રોજગાર’ પ્રોગ્રામ અંતર્ગત ‘કૂક’ તરીકેના હુન્નર માટે બે મહિનાના સર્ટીફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોર્સનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે રોજગાર મેળવી શકે તે હતો. આ ટ્રેનીંગ પ્રોગ્રામમમાં વિદ્યાર્થીનીઓને વિવિધ કોન્ટીનેન્ટલ રૅસિપી શીખવવામાં આવી હતી.

સમગ્ર ટ્રેનીંગ પ્રોગ્રામના કો-ઓર્ડિનેટર પ્રા. પ્રતિમાબેન છનિયારા હતાં. ટ્રેનીંગને અંતે વિદ્યાર્થીનીઓએ હૉટલ મૅનૅજમૅન્ટ ઈન્સ્ટીટ્યુટ તરફથી કૂક તરીકેનું પ્રમાણપત્ર, કૂકૂંગ કીટ, બે હજાર રૂપિયાનું સ્ટાઈપેન્ડ શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનાં આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું.


# સમયસરની યોગ્ય સારવાર કેન્સરનો એકમાત્ર વિકલ્પ




આધુનિક વિશ્વમાં કેન્સર એક એવી બિમારી છે, જેનાથી સૌથી વધારે લોકોના મૃત્યુ નિપજે છે. વિશ્વમાં આ બિમારીની ઝપટમાં સૌથી વધુ દર્દી છે. આ કારણે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા દર વર્ષની ૭મી નવેમ્બરને વિશ્વ કેન્સર દિવસ તરીકે મનાવવા આવે છે. જો કેન્સર થાય તો સમયસર તેનું નિદાન કરાવી યોગ્ય સારવાર કરી તેને સંપૂર્ણપણે મટાડી શકાય. જેનુ તાજુ ઉદાહરણ જાણીતા ક્રિકેટર યુવરાજ સિંઘ છે જેમણે હાલમાં જ કેન્સર પર જીત મેળવી છે.

કેન્સરની બિમારી અંગેની જાણ કોઈપણ વ્યક્તિનેથાય છે ત્યારે એ વ્યક્તિ અને પરિવાર બંને માનસિક રીતે ભાંગી પડે છે, આર્થિક રીતે પણ સહન કરવું પડે છે. સામાન્ય રીતે તમાકુ, ગુટખા, સિગારેટ જેવાં તમાકુજન્ય પદાર્થોથી મોઢાંનું કેન્સર થાય છે. ક્યારેક વ્યક્તિને કોઈ પણ પ્રકારનું વ્યસન ન હોવા છતાં આનુવંશિક એટલે કે વંશપરંપરાગત રીતે પણ કેન્સર થાય છે. આનુવંશિક કેન્સર જે જનીનના કારણે થાય છે તેમાં બ્રેસ્ટ કેન્સર, કોલોન કેન્સર, યુટરાઈન-થાઈરોઈડ કેન્સર, પેટનું કેન્સર, કિડની કેન્સર અને પેન્ક્રિએટિક-સ્કીન કેન્સરનો સમાવેશ થાય છે.

કેન્સરના ચિહ્નો : ભૂખ ઓછી થતી જાય, વાંસાનો દુખાવો ના મટે, શરીરમાં ગાંઠ દેખાય, વજનમાં અચાનક વધારો કે ઘટાડો વર્તાય, વાળ ઓછા થતા જાય, પેટનો દુખાવો મટે નહિ, પેન્સિલ જેવો પાતળો મળ આવે, શરીરમાં સોજા દેખાય, તાવ આવ્યા કરે, ખજવાળ મટે નહિ, માથાનો દુખાવો મટે નહિ, શરીર અથવા જીભ ઉપર સફેદ કે લાલ ચાંદા દેખાય અને રૂઝાય નહીં, મોઢામાં ગાંઠ દેખાય, મોઢું બંધ ના થાય, મોઢામાં લોહી નીકળે, મોઢું પૂરું ખુલે નહિ, અવાજ સતત બેસી જાય, તલ કે મસાના કદમાં માં ફેરફાર થાય, ઉબકા આવ્યા કરે અને ઉલટી થયા કરે, બહેનોને સ્તનમાંથી લોહી કે પરુ નીકળે, બગલમાં ગાંઠ દેખાય વિગેરે ચિહ્નો જણાય ત્યારે જરાય આળસ કર્યા વગર નિષ્ણાત ડોક્ટરની તપાસ કરાવવી જરૂરી છે.



આવાં ચિહ્નો હોય તો કેન્સર જ હોય તેવું જરૂરી નથી પરંતુ સાવધાની રાખવાથી અને ડોક્ટર ની સલાહ લેવાથી રોગ વધે તે પહેલા દવા-સારવાર થઈ શકે અને જીવન બચી શકે. કેન્સર આવા ચિહ્નો વગર પણ થઈ શકે છે માટે જ અમેરિકન કેન્સર સોસાયટીની ભલામણ મુજબના સ્કીનીંગ ટેસ્ટ કરાવવા ખાસ જરૂરી છે કારણ કે પ્રાથમિક તબક્કે કેન્સરનું નિદાન થાય તો યોગ્ય સારવારથી દર્દી બચી શકે છે. નિદાન જેટલું વહેલું થાય તેટલું કેન્સરથી બચવું સહેલું બને. કેન્સરના દર્દીઓને કેન્સર સામે કન્ટ્રોલ (નિયંત્રણ), કયોર (સારવાર) અને કમ્ફર્ટ (સુવિધા) એ કેન્સર સંબંધિત હોસ્પિટલ ખાતે પુરી પાડવામાં આવે છે. કેન્સર થવાના કારણો જોઈએ તો, આ રોગ હવા, પાણી અને જમીનનું પ્રદુષણ, તમાકુ, બિડી, સિગારેટ, પાન-માવા, ગુટખા, પ્રતિબંધીત ડ્રગ્સ, નશીલા પદાર્થોનું સેવન વગેરેથી થાય છે. વધારે વજન પણ કેન્સરનું જન્મદાતા છે. ધુમ્રપાન કરનારાના આસપાસના લોકોને પણ ધુમાડાથી કેન્સર થઈ શકે છે. ૫ થી ૧૦% કેન્સર વારસાગત પણ હોઈ શકે છે. આ બધા વ્યસનોને કારણો મોં, ગળુ, ફેફસા, હાડકા, પ્રોસ્ટેટ, મુત્રાશય, ટયુમર જેવા કેન્સર થાય છે. સ્ત્રીઓમાં મોટાભાગે સ્તન, ગર્ભાશયના કે?સરનો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

કેન્સરની સારવાર કિમોથેરાપી, ઓપરેશન કે રેડિયો થેરાપી વડે થાય છે. કિમોથેરાપીમાં હાલમાં અનેક નવી દવાઓની શોધ થઈ છે અને ઘણી નવી પધ્ધતિઓ જેમ કે કેન્સર, વિરોધી રસી, ઈમ્યુનોથેરાપી, એન્ટી એન્જિઓજેનેસીસ, જીનેટીક, કિમોથેરાપી અસ્તિત્વમાં આવી છે. કિમોથેરાપી શરીરમાં ફેલાયેલા કેન્સરના કોષો (માઈક્રો મેટાસ્ટેસીસ)ને મારવાનું કામ કરે છે. જો કિમોથેરાપી લેવામાં ન આવે તો આ કોષોથી કેન્સર પાછા આવવાની સંભાવના રહે છે. કિમોથેરાપીની નવી શોધાયેલી દવાઓ માત્ર કેન્સરના કોષોને જ મારવાનું કામ કરે છે, તેની આડઅસરો ખુબ જ ઓછી આવે છે અને જો આડ અસર થાય તો અન્ય નવી શોધાયેલી દવાઓથી તેને સહેલાઈથી નિવારી શકાય છે. ડો. અસારવાળાએ એક ખુબજ અગત્યની માહિતી આપતા જણાવેલ હતુ કે છેલ્લા થોડા સમયથી કિમોથેરાપીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયેલ હોઈ કેન્સરની સારવાર હવે દરેક વર્ગને પરવડી શકે છે.

ભારતમાં કેન્સરનો રોગ યમદુત બનીને ખપ્પર ભરી રહયો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ ભારતમાં ૨૦૧૧ના વર્ષના અંતે દર્દીઓની સંખ્યા ૨૮ લાખનો આંકડો વટાવી ગઈ. ગત વર્ષે ગુજરાતમાં જ અંદાજે ૨૭હજારથી પણ વધુ માનવીઓને કેન્સર ભરખી ગયો.

‘કેન્સર થાય એટલે જીવનમાંથી કેન્સલ’ એવું નથી. કેન્સર થતું અટકાવી શકાય છે અને મટાડી પણ શકાય છે, પરંતુ સમયસરની યોગ્ય સારવાર એકમાત્ર વિકલ્પ છે.

અલબત્ત, દર્દને મટાડવા કરતા દર્દ ન થાય તેની કાળજી લેવી એ વધારે સારૂ છે. તમાકુના સેવન અને ધુમ્રપાનથી દુર રહેવું. સ્વસ્થ જીવનશૈલી, સંપૂર્ણ સ્વસ્થ આહાર. નિયમિત વ્યાયામ. સ્ત્રીઓએ ૪૦ વર્ષની વય પછી સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સર માટે સ્કેનીંગ કરાવવું. કેન્સર જેવા રોગને માત આપવા માટે આરોગ્યપ્રદ આહાર જરૂરી છે. શાકભાજી અને ફળનું સેવન, શરીરનું યોગ્ય વજન જાળવી રાખવું, નિયમિત કસરત કરવી તથા આલ્કોહોલના સેવન પર નિયંત્રણ મૂકવું પણ ખૂબ જ અનિવાર્ય છે.

# મહુડી નજીક સ્થપાયેલા પદ્મ-પિરામીડ જીનાલયથી ગુજરાત પિરામીડ ધ્યાન યોગની વિશ્વ સર્કિટમાં પહોંચ્યું





ગાંધીનગર નજીક મહુડી તીર્થભૂમિ રોડ ઉપર નિર્માણ પામેલા શ્રી પદ્મ પિરામીડ જીનાલયનું નિર્મલ સાગરજી સાહેબ દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે, જેના પગલે પિરામીડ ધ્યાન યોગ ક્ષેત્રમાં વૈશ્વિક સર્કિટમાં ગુજરાતનો સમાવેશ થયો છે. અહીં જીનાલય ઉપરાંત પિરામીડની અંદર ધ્યાનયોગ સાધના પણ કરી શકાય છે. આગામી તા. ૧૦મી નવેમ્બર ને કાળી ચૌદસે સવારે ૧૦.૧૫ કલાકે પિરામીડ જીનાલયના પરિસરમાં શ્રી ઘંટાકર્ણ વીરનો હવન કરવામાં આવશે, જે બપોરે ૧૨.૩૯ વાગે પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત આગામી ડિસેમ્બર માસમાં આ પિરામીડ જીનાલય ખાતે ધ્યાનયોગ શિબિરનો પણ આરંભ કરવામાં આવશે.

ધર્મ પ્રચારક નિર્મલ સાગરજીએ જણાવ્યું કે દેશની યુવા પેઢીને ધ્યાન અને યોગ વિષયમાં જાગૃત કરવા માટે આ અમારો પ્રયાસ છે. એક વખત યુવા પેઢી ધ્યાન તરફ વળશે પછી તેના આગળના રસ્તા આપોઆપ ખુલી જશે. અહીં સર્વ ધર્મના ધ્યાનસાધકો પિરામીડ મૅડિટેશન સૅન્ટરનો લાભ લઈ શકશે.

આ પિરામીડમાં જૈન ધર્મ અને પ્રાચીન શાસ્ત્રમાં જેનો ઉલ્લેખ કરાયો છે તે પિંડસ્થ ધ્યાન, પદસ્થ ધ્યાન, રૂપસ્થ ધ્યાન, રરૂપાતિત ધ્યાન, આજ્ઞા વિચય-અપાય વિજય, રિપાક વિચય, સંસ્થાન વિચય આદિ અનેક પ્રકારના ધ્યાન કરી શકાય છે. પિરામીડની અંદર ભરપૂર પ્રમાણમાં કૉસ્મિક ઍનર્જી એટલે કે બ્રહ્માંડની ઊર્જા રહેલી હોય છે, જેનો લાભ તેની અંદર ધ્યાન ધરનારને મળે છે.

પદ્મ પિરામીડ જીનાલયમાં ઉપરના ભાગે જૈન ધર્મના ૨૦મા તીર્થંકર મુનિ શ્રુતસ્વામીની મૂર્તિ ગોઠવવામાં આવે છે, ઉપરાંત ચારે તરફ અન્ય તીર્થંકરોની મૂર્તિઓ પણ ગોઠવવામાં આવી છે. પિરામીડના બેઝમેન્ટમાં મરગજ પથ્થરમાંથી બનાવવામાં આવેલ જૈન ધર્મમાં સૌથી વધુ શક્તિશાળી મનાતા સિદ્ધચક્ર યંત્ર અને રત્ન મંદિર પણ બનાવવામાં આવ્યું છે. પિરામીડની અંદર ક્રિસ્ટલ અને ચાઈનીઝ રેડ પથ્થરથી ૨૦ જેટલી મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. પિરામીડની અંદર જેટલી કૉસ્મિક ઍનર્જી છે તેના કરતાં બમણી કૉસ્મિક ઍનર્જી બેઝમેન્ટમાં સિદ્ધચક્ર યંત્ર ઉપર બ્રહ્માંડમાંથી ઉતરી રહી છે. બેઝમેન્ટમાં મૂકવામાં આવેલી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા ૩૩ કરોડ મંત્રો, શ્રી ગણેશજી, પાર્શ્વ યક્ષ માણીભદ્ર વીર અને શ્રી ઘંટાકર્ણ વીરના પ્રાચીન યંત્ર સાથે કરવામાં આવી છે. આ પદ્મ પિરામીડ જીનાલય પરિસરમાં આગામી દિવસોમાં એક ગૌશાળાનું નિર્માણ કરવાનું પણ આયોજન છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.